ગાંધીનગર સમાચાર



## પ્રાંતિજમાં ૮૫ લાખના કામોનું કોન્યુનીટી હોલ, સ્પોર્ટસ કોમ્પલેક્ષનું લોકાર્પણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સરકારની વિવિધ યોજનાઓ હેઠળ રૂ. ૮૫ લાખના વિવિધ કામોનું સંસદસભ્યશ્રી દિપસિંહજી રાઠોડના હસ્તે યોજાયો હતો. ૩૨ લાખના તૈયાર થનાર ત્રણ લાખ લીટરની પાણીનું ટાંકીનું ભૂમિપૂજન કરાયું હતું. પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી. ઝાલા, જયેન્દ્રસિંહ રાઠોડ, સાબરકાંઠા ભાજપ પ્રમુખ જે.ડી પટેલ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પટેલ, શહેર પ્રમુખ સતિષભાઈ પંડ્યા, કારોબારી ચેરમેન જગદીશભાઈ, નગરપાલિકાના સભ્યો ગ્રામજનો, કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ૩૦ લાખના ખર્ચે તૈયાર થયેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ૭ લાખની પાણીની પરબ, ૧૦ લાખના ખર્ચે થયેલ સેનીટેશન સુવિધા જેન્ટસ/લેડીઝ માટે, કોમ્યુનીટી હોલનું લોકાર્પણ કરાયેલ હતું.

# ધોળીવાવમાં છોકરીના સગપણ મામલે જાનથી મારી નાખવાની ધમકી

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકાના ધોળીવાવ ગામની એક છોકરીનું સગપણ બીજા ગામે કરાતાં ગામના જ એક યુવકને ન ગમતા હંગામો કરી ગડદાપાટુનો માર મારી નખથી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપવા સંદર્ભે ગામના પાંચ ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ધોળીવાવ ગામના કૈલાસબેન લાલાભાઈ પગી તેમની બે દિકરીઓ પ્રિયેષા-અનીતા તથા નાકાગામના ચેતનકુમાર ડાભી કે જેની સાથે પ્રિયેષાની સગાઈ કરી હતી તે બધા રવિવારે મહાકાળી માતાજીનો વરછોડામાં ગામ વચ્ચેના ચોકમાં આવ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં ગામલોકો પણ ભેગા થયા હતા. દરમિયાન ગામના અળખાભાઈ નાનાભાઈ ચૌહાણ તથા અન્ય ચાર વ્યક્તિઓ ત્યાં આવ્યા હતા. અને કૈલાસબેન તથા તેમની દિકરીઓ ઉપર ઉશ્કેરાઈ ગયા હતા અને કહેતા હતા કે પ્રિયેશાનું સગપણ નાકા ગામના ચેતન ડાભી સાથે કેમ કર્યુ છે અને ગડદાપાટુનો માર મારી કૈલાસબેનના ગાલ ઉપર લાફા માર્યા હતા. તથા ચેતન ડાભીના ગળામાં નખથી ઈજાઓ પહોંચાડી હતી. ભારે હોબાળો થતા કૈલાસબેનના પતિ લાલાભાઈ તથા ભત્રીજા સાથે બીજા લોકો ત્યાં આવી ગયેલા તેથી અળખાભાઈ તથા અન્ય વ્યક્તિઓ ભાગી ગયા હતા. અને જતાં જતાં આજે તો બચી ગયા છો પણ એકલ દોકલ મળશો તો જાનથી મારી નાખીશુ. ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે કૈલાસબેન પગીએ ગામના જ અળખાભાઈ ચૌહાણ, અમૃતભાઈ બામણીયા, કીરણભાઈ ડાભી, લાલાભાઈ ચૌહાણ તથા નાનાભાઈ વિરૂદ્ધ સોમવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## પાલનપુરમાં મીની મેરેથોન યોજાઈ

સ્વચ્છ ભારત અભિયાન તળે પાલનપુર ખાતે આજે મીની મેરેથોન દોડ યોજાઈ હતી. ક્લીન એન્ડ પ્લાસ્ટીક ફ્રી પાલનપુર માટે યોજાયેલી આ મેરેથોન દોડમાં ભાગ લઈ પાલનપુરીઓએ સ્વચ્છતાનો અનોખો સંદેશ પાઠવ્યો હતો. પાલનપુર સ્થિત જી.ડી. મોદી વિદ્યાસંકુલ ખાતે આજે સ્વચ્છ અને પ્લાસ્ટીક મુક્ત પાલનપુરના સંદેશા સાથે મીની મેરેથોન દોડ યોજાઈ હતી. જેમાં ૩૫૦૦ થી વધુ છાત્રો અને પ્રબુદ્ધ નાગરીકોએ ભાગ લઈ સ્વચ્છતાનો અનેરો સંદેશો પાઠવ્યો હતો. આ મેરેથોન દોડમાં ભાગ લેનાર નાગરીકોએ સ્વચ્છ પાલનપુર માટેનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. જોકે બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ છેલ્લા છ વર્ષથી ક્લીન અને પ્લાસ્ટીક મુક્ત પાલનપુર માટે મેરેથોન દોડનું આયોજન કરે છે. જેના ભાગરૂપે જુદી જુદી ત્રણ કેટેગરીમાં દોડ યોજાઈ હતી. દોડમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ટીશર્ટ અને કેપ વિનામૂલ્યે અપાયા હતા. આમ, પાલનપુરમાં સ્વચ્છતાના સંદેશા સાથે યોજોયલી મેરેથોન દોડે ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# પ્રાંતિજમાં પ્રજાસત્તાક દિનની ઉલ્લાસભેર ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ ખાતે ૬૭માં પ્રજાસત્તાક દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલુકા કક્ષાનું ધ્વજવંદનનો કાર્યક્રમ સોનીવાડા નાકા પાસે આવેલ નવરાત્રી ચોકમાં ૬૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખના હસ્તે ધ્વજવંદન કરવામાં કામદાર નિરંજનભાઈનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજ સિવિલ કોર્ટમાં જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ દોશીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.



મજરા ખાતે યોજાયે હતો, જ્યારે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પ્રાંતિજ બજાર ચોકમાં ધ્વવજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૫માં આવેલ બજારચોક આવ્યું હતું. જેમાં નગરપાલિકા સદસ્યો, નગરપાલિકા સ્ટાફ, નગરજનો, વેપારીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી હતી. જ્યારે વોર્ડ નં. ૫ના નગરપાલિકાના સફાઈ જેમાં એડીશન સિવિલ જજ સોલંકી વકીલ બારી એસોસીએશનના પ્રમુખ સહિત વકીલો તથા પ્રાંતિજ પોલીસ સ્ટાફ સહિત નગરજનો નગર અગ્રણીઓ ઉપસ્થિત રહીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ ત્રણ વિદ્યાર્થીઓ પ્રથમ નંબરે આવ્યા

દિયોદર, તા. ૨૮

તાજેતરમાં યોજાયેલ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં વાત્સલ્ય કન્સેપ્ટ સ્કૂલ દિયોદરે ભાગ લીધો હતો. જેમાં ખેલ મહાકુંભમાં યોજાયેલ રમતગમતમાં ત્રણ વિદ્યાર્થી પ્રથમ નંબર મેળવતા વિદ્યાર્થીઓએ શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. જેમાં અન્ડર-૧૩ ચેસમાં ઠક્કર વત્સલ દર્શનભાઈ તાલુકા કક્ષાએ પ્રથમ અન્ડર-૯ એથલેટીક્સ સ્ટેડીંગ બ્રોડ જંપમાં ઠક્કર પ્રાચી દર્શનભાઈ તાલુકા કક્ષાએ પ્રથમ અન્ડર-૧૩ યોગાસનમાં ચૌધરી ગીરીશ જીતેન્દ્રભાઈ તાલુકા કક્ષાએ દ્વિતીય નંબર મેળવ્યો હતો. જેમાં ત્રણ વિદ્યાર્થીઓએ મહાકુંભમાં પ્રથમ નંબર મેળવતા શાળાનું ગૌરવ વધાર્યું હતું.

### દિયોદર યુવા ભાજપ દ્વારા બ્લડ કેમ્પ યોજાયો

દિયોદર, તા. ૨૮

દિયોદર રેફરલ હોસ્પિટલ ખાતે તા. ૨૩-૧-૨૦૧૬ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે દિયોદર તાલુકા યુવા ભાજપ દ્વારા બ્લડ કેમ્પ યોજાયો હતો જેમાં ૭૬ જેટલી બોટલો એકત્રીત થઈ હતી. આ પ્રસંગે દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, દિયોદર યુવા પ્રમુખ રમેશભાઈ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ ઉતમસિંહ વાઘેલા, નાગજીભાઈ દેસાઈ, ભરતભાઈ અખાણી વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ બાબતે રમેશભાઈ ચૌધરીએ જણાવેલ કે આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જંયતિ નિમિત્તે બ્લડ કેમ્પનું આયોજન કર્યું છે. જેમાં એક જ દિવસમાં ૭૬ ઉપરાંત બોટલનું રકતદાન થયું છે. જીવનમાં રકતદાન એ મહાદાન છે. દરેક વ્યકિતએ રકતદાન કરવું જોઈએ.

### સીસોદરા (મે) પ્રાથમિક શાળામાં રાષ્ટ્રિય મતદાન દિવસ ઉજવાયો

ઈસરી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામે પ્રા. શાળામાં ભારત ચૂંટણીપંચના આદેશ અનુસાર ૨૫મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રિય મતદાન દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શાળાના આચાર્ય નારણભાઈ ખરાડી, બી.એલ.ઓ. પ્રવિણભાઈ પરમાર, ડે. સરપંચ સાહિદખાન બલોચ, સોમાભાઈ પટેલ, શાળાના બાળકો, શિક્ષકો તથા મોટી સંખ્યામાં ગામના યુવા મતદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત દેશના યુવા મતદારોમાં જાગૃતિ પેદા થાય તથા ભારત દેશની ચૂંટણી પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ પણે યોજવા અને યોજાવવા યુવા મતદારો અને શાળાના બાળકોને લોકશાહિ તંત્રમાં નિરંતર શ્રદ્ધા રાખીને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રતિજ્ઞામાં અમો અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની ગરિમા જાળવીશુ અને દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક દરેક ભેદભાવ અને પ્રલોભન ભુલી મતદાન કરીશુ. આવી પ્રતિજ્ઞા શાળાના દરેક બાળકે લીધી હતી અને આ પ્રતિજ્ઞામાં વિશેષ જણાવાયું હતું કે અમારા મત વિસ્તારના બાકી રહિ જતા મતદારોને પણ મતદાન નોંધણી કરાવવા જણાવીશુ અને આ કાર્યક્રમ અંતર્ગત બી.એલ.ઓ. પ્રવિણભાઈ પરમાર દ્વારા રાષ્ટ્રિય ચૂંટણીલક્ષી કામગીરી કરવામાં સાથ સહકાર આપવા અનુરોધ કરાયો હતો.

# મોડાસા નગરપાલિકાના ૪૫ સફાઈ કામદારો ૩ મહિનાથી પગારથી વંચિત : ન છૂટકે હડતાલ પર

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના નગરપાલિકાતંત્ર દ્વારા વાહનો દ્વારા એકઠો કરી ઠાલવતા અને શહેરને સ્વચ્છ બનાવતા સફાઈકામદારોને નગરપાલિકા દ્વારા રોજમદારોમાંથી મન ફાવે તે હતુ. સફાઈકામદારોના જણાવ્યા મુજબ નગરપાલિકાતંત્ર દ્વારા ૩ મહિનાથી પગાર નહિ ચૂકવાતા આજની મોંઘવારીના દિવસોમાં ચિંધ્યા માર્ગે ભુખ હડતાલ પર ઉતરવા મજબુર બનશે. બીજીબાજુ મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારો હડતાલ પર



શહેરીજનોના રહેણાંક વિસ્તારમાં ‘ડોર ટુ ડોર’ વાહનો લઈ કચરો ઉઠાવી નગરપાલિકાની કચરો એકઠો કરવાની ડમ્પીંગ સાઈટ પર શહેરનો ગંદો કચરો અંદાજે ૭ રીતે નિર્ણય લઈ આઉટસોર્સીંગ લેબરમાં તબદીલ કરી છેલ્લા ૩ મહિનાથી પગાર ન ચૂકવતા ન થછૂટકે અંદાજે ૪૫ થી વધુ સફાઈ કામદારોને હડતાલ પર જવુ પડ્યુ જીવનનિર્વાહ ચલાવવાના ફાંફા પડી ગયા છે. નગરપાલિકાતંત્ર દ્વારા અમારો બાકી પગાર સત્વરે નહિ ચૂકવાય તો આગામી દિવસોમાં સફાઈકામદારો ગાંધી ઉતરતા આવનારા દિવસોમાં શહેરમાં ગંદકીના ઢગ ખડકાતા શહેરીજનો બિમારીમાં તો નહિ સપડાયને તેવી ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે.

# ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ૩૦ જગ્યાઓ ખાલી

## ઓર્થોપેડીક તથા એનેસ્થેટીકની ખાલી જગ્યાઓના કારણે આદિવાસી ગરીબ પ્રજાને વધારાના ખર્ચનો મોટો ભાર

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં અગત્યની ૧૩ જગ્યાઓ સહીત ૩૦ જગ્યાઓ ખાલી હોવાથી આદિવાસી ગરીબ પ્રજાને હાલાકી ભોગવવી પડે છે. અને દર્દીઓને ખાનગી દવાખાનામાં ફરજીયાત જવુ પડતુ હોઈ ભારે ખર્ચ ભોગવવો પડે છે. અકસ્માતથી ઈજાગ્રસ્ત દર્દીઓને સામાન્ય પાટાપીંડી કરી હિંમતનગર રીફર કરવામાં આવે છે. આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવે તેવી તાલુકામાં માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલ રૂ. ૧૦ કરોડના ખર્ચે ૧૫૦ પથારીની સુવિધાવાળુ ચાર માળનુ નવુ બિલ્ડીંગ બનાવવામાં આવ્યુ છે. અને નવીન હોસ્પિટલનું ઓગષ્ટ-૧૫માં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ નવી હોસ્પિટલમાં આઈ.સી.યુ. ઈમરજન્સી ઓપરેશન-ડાયાલીસીસ સેન્ટર, કોમ્યુનીટી હોલ - લીફટ તથા રેમ્પ (ઢાળ)ની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. પણ આ લાખો રૂપિયાના ખર્ચવાળા સાધનોની સુવિધાનો લાભ ખેડબ્રહ્માની પ્રજાને મળતો નથી. કારણ કે હોસ્પિટલમાં પુરતો સ્ટાફ નહોવાથી સાધનોનો ઉપયોગ થતો નથી અને ગરીબ આદિવાસી પ્રજાને હાલાકી ભોગવવામાં વારો આવ્યો છે. આ હોસ્પિટલમાં કુલ ૮૬ના મહેકમની ફાળવણી કરવામાં આવી છે. તેમાંથી અગત્યની ૧૩ જગ્યાઓ સહીત ૩૦ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. જેમાં મનોરોગ ચિકિત્સક, પેડીયા ટ્રીશીયન, નેત્રસર્જન, ડરમેટોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ, રેડીયોલોજીસ્ટ, ઓર્થોપેડીક, એનસ્થેટીસ્ટ તબીબી અધિકારી, એકસર-રે ટેકની. લેબોરેટરી ટેકનીશીયન અને વહીવટી અધિકારી સહિત ૩૦ જગ્યાઓ ખાલી છે.







## સરકારી વિનયન અને વાણિજય કોલેજ મેઘરજનું ગૌરવ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ મેઘરજમાં અંગ્રેજી વિભાગમાં ફરજ બજાવતા પ્રા. શ્રી પ્રેમકુમાર એમ. સિંહને અરવલ્લી જિલ્લાના ૩૦-ભિલોડા વિધાનસભા મતદાર વિભાગના મેઘરજ તાલુકામાં સેકટર ઓફીસર તરીકે મતદાર યાદીના ‘રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા અને અધિકૃતતા’ કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ જિલ્લા ચુંટણી અધિકાર અને કલેકટર અરવલ્લી સુ શ્રી એસ. છાકછુઆકના હસ્તે મોડાસા ખાતે યોજાયેલા રાષ્ટ્રીય મતદાતા દિવસ તા. ૨૫-૧-૨૦૧૬ના રોજ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. પ્રમાણપત્ર મળ્યા બાદ મેઘરજ તાલુકાના મામલતદાર શ્રી ઓઝા સાહેબે તથા સરકારી વિનયન અને વાણિજય કોલેજ મેઘરજના આચાર્યશ્રી યુ.કે. ગાંગુર્ડે તથા કોલેજ સ્ટાફ તથા કોલેજના વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## બનાસકાંઠા બ્રહ્મસમાજના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજના અધ્યક્ષ ગણપતભાઈ જોષીના પ્રમુખ સ્થાને પાલનપુર ખાતે બ્રહ્મસમાજની બેઠક યોજાઈ હતી. જેમાં નવીન હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં સમસ્ત બ્રહ્મસમાજના પ્રદેશ અધ્યક્ષ શૈલેષભાઈ જોષીએ બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજના અધ્યક્ષ પદે હરગોવિંદભાઈ જોષી, મહામંત્રી પદે ભાવેશભાઈ રાવલ, જયંતિભાઈ જોષી, પ્રતિકભાઈ સેવકની નિયુક્તિ કરી હતી. ઉપરાંત ઉપપ્રમુખ, મંત્રી, કોષાધ્યક્ષ અને ઓડિટરની પણ નિયુક્તી કરવામાં આવી હતી.

# થરા અને વડામાંથી દેશી દારૂનો જથ્થો પકડાયો

શિહોરી, તા. ૨૮

કાંકરેજ તાલુકામાં થરા અને વડા ખાતે રવિવારના રોજ થરા પોલીસે બાતમીના આધારે અલગ અલગ જગ્યાએ રેડ કરીને દેશી દારૂ તેમજ દારૂ બનાવાવનો વૉશનો જથ્થો પકડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર થરા ટાઉનમાં સુદજી વાસ તથા વડા ગામેથી બે અલગ-અલગ જગ્યાએથી નાયબ પો. અધિ. સા. દિયોદરના માર્ગદર્શન હેઠળ રવિવારના રોજ થરા પી.એસ.આઈ. એમ.એન. દેસાઈ તેમજ સ્ટાફના નિલાભાઈ કેશરાભાઈ, વિક્રમદાન ગઢવી વગેરેએ બે જગ્યાએ દારૂની ભઠ્ઠીઓ ઉપર રેડ કરતા ૩૨૦ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૬૩૦૦ તથા દેશી દારૂ ગાળવાનો વૉશ લીટર ૧૫૦૦ કિંમત રૂ. ૬ હજાર કુલ મળીને ૧૨૬૦૦નો મુદ્દામાલ ઝડપ્યો હતો. જ્યારે આરોપી શ્રવણસિંહ બનેસીંહ વાઘેલા, કાળુભા સોમભા વાઘેલા, લાલભા જુણુભા વાઘેલા નાસી છુટ્યા હતા જેને પકડવાની તજવીજ હાથ ધરાઈ હતી.



## મોટા ચેખલા પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

તલોદના મોટા ચેખલા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી અને ગામની સૌથી વધુ શિક્ષિત યુવતી મનિષાબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રજાસત્તાક પર્વે શાળાના બાળકો માટે નાટક, વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. ઉપરાંત બાળકો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત ‘દિકરીને સલામ દેશને નામ’ વિષયક પ્રશસ્તિ પત્ર એનાયત કરી શુભેચ્છાસહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અંતે શાળાના આચાર્ય ગોસ્વામીએ શાળાની વિદ્યાર્થીની પ્રેરણા વતી માતા દિપીકાબેન ત્રિવેદીને પ્રશસ્તિ પત્ર એનાયત કર્યું હતું.

## મેઘરજમાં ચોરોનો તરખાટ : બે દિવસમાં બે વાહનોની ચોરી

અરવલ્લી જિલ્લાના મેઘરજ ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં બે અલગ અલગ રાત્રીઓ દરમ્યાન વાહચોર ટોળકીએ બે વાહનો ચોરી ગયાની ફરીયાદ મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધાતા સમગ્ર નગર અસલામતીની લાગણી અનુભવી રહ્યું છે. મેઘરજ પોલીસ સ્ટશને મારૂતી કારના માલીક મુસ્તુફા દાઉદ પટેલ અને પીક અપ ડાલાના માલીક ફિરોજ અબ્દુલ મલેકે પોતાના વાહન ચોરાયા અંગેની ફરીયાદ મેઘરજ પોલીસ સ્ટેશને નોંધાવી છે. આ બનાવની હકિકત એવી છે કે ૨૬ તારીખની રાત્રી દરમ્યાન મારૂતી ૮૦૦ ફન્ટીકાર નં. જીજે.૫.એન.૬૫૫૦ આશરે કિં. રૂ. ૧૬ હજાર દેના બેંકના પાછળના ભાગે પાર્ક કરેલી કારને આ રાત્રી દરમ્યાન કોઈ અન્ય અજાણ્યા ચોરોએ આ કારની ઉઠાંતરી કરી હતી. જ્યારે ૨૭મીની રાત્રી દરમ્યાન મેઘરજના ઈંદિરાનગર વિસ્તારમાંથી મેક્સ પીકઅપ ડાલા નં. જીજે૧૨એક્સ-૬૩૫૯ આશરે કિંમત ૧,૪૦,૦૦૦ પોતાના ઘર પાસે નજીકમાં મુકેલ હતી.